

પ્રસન્નતા એજ જીવન - ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત અર્ક વ્યાખ્યાનમાળામાં પ્રસન્નતા એજ જીવન વિષય પર જાણીતા કથાકાર પૂજ્ય મોરારિ બાપુનું વક્તવ્ય સાંભળવા મોટી સંખ્યામાં નાગરિકો ઉમટ્યા હતા... ટાઉનહોલ ખીચોખીચ ભરાઈ જતા ટાઉનહોલના પરિસરમાં ફોયર અને પેસેજમાં તથા લોનમાં એલ.ઈ.ડી. પર સૌએ વક્તવ્ય માણ્યું હતું... પૂજ્ય બાપુએ પણ પ્રસન્નતા જાળવવાની ગુરૂચાવી ગાંધીનગરને સમર્પિત કરતા સમગ્ર કાર્યક્રમ માટે પ્રસન્નતા વ્યક્ત કરી હતી...

# શહેરમાં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે રીપોર્ટ તૈયાર કરી દિલ્હી મોકલાશે

**સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં મુખ્ય ગટર લાઇન બદલવા સહીત લાઇન અપગ્રેડ કરવા માટે નવી યોજના તૈયાર કરાશે**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ગટર લાઈન માટે નવિન કાર્યયોજના તૈયાર કરવામાં આવી રહી છે. શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈન બદલીને નવી લાઈન નાંખવા માટે પણ કોર્પોરેશન તેમજ માર્ગ મકાન વિભાગના અધિકારીઓ દ્વારા સર્વે અને અભ્યાસ હાથ ધરાયો છે. આગામી દિવસોમાં આ મામલે રીપોર્ટ તૈયાર કરીને દિલ્હી મોકલવામાં આવશે. આ ખર્ચાળ પ્રોજેકટને મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. શહેરમાં હાલ દાયકાઓ જુની લાઈનના લીધે ગટરો ઉભરાવાની સમસ્યા સ્થાનિકો માટે ગુંગળામણરૂપ બની છે . આવા સંજોગોમાં પાણીની સાથે ગટર લાઈનનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવા ગતિવિધિઓ આરંભી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરવામાં આવ્યા બાદ બ્યુટીફિકેશન તેમજ માળખાગત સુવિધાના કામો હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં સફાઈ તેમજ રખડતા ઢોરનો પ્રશ્ન હજુ જટીલ અવસ્થામાં છે. જયારે માર્ગ સલામતીની હાલત પણ કફોડી છે. વિકાસના નામે હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સ્માર્ટી સીટીને અનુરૂપ વ્યવસ્થા ગોઠવવા તેમજ આમ નાગરિકોને સુવિધા પુરી પાડવા માટે હજુ ઘણુ કરવાનુ બાકી છે. બીજીતરફ શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ માટે તંત્ર દ્વારા સર્વે તેમજ જરૂરી અભ્યાસના અંતે રીપોર્ટ પણ તૈયાર કરી દેવાયો છે. ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી પાણી ગટરની આનુષાંગિક લાઈનને

● અનુસંધાન પાન-૭ પર

# પ્રામાણિકતાથી પ્રગટ થતી અંતઃકરણની પવિત્રતા પ્રસન્ન કરી શકે : પૂ. મોરારિ બાપુ

**ચિત્ત પ્રધાન થવુ, વર્તમાનમાં જીવવુ , સ્પર્ધામા ન રહેવુ, સાક્ષીભાવ અને હરિનામને બાપુએ નગરજનોને પ્રસન્નતાની પાંચ ચાવી આપી**

ગાંધીનગર તા ૧૮

'પ્રસન્નતા દેવો ભવઃ...પ્રસન્નતાના દેવતાની આરતી ઉતારવા આજે ગાંધીનગરની ધરતી પર આવ્યો છુ.. પ્રસન્નતા કોઈ મનની કે બુધ્ધિની ન હોઈ શકે... પ્રસન્નતા પામવી હોય તો ચિત્ત પ્રધાન બનવુ પડે તેમ કહેવાની સાથે રાષ્ટ્રીય સંત મોરારી બાપુએ પ્રસન્ન રહેવા માટેની પાંચ ચાવી આપી હતી. એટલુ જ નહીં એમણે એમ પણ કહ્યુ હતુ કે પ્રામાણિકતાથી અંત : કરણની પવિત્રતા આવે છે અને આ પવિત્રતાથી પ્રસન્નતા મળે છે.



ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળામાં આજે પુ મોરારી બાપુએ પ્રસન્નતા જ જીવન વિષય અંગે રસપ્રદ વકતવ્ય આપ્યુ હતુ. કલ્ચરલ ફોરમના પ્રસન્નતાના ૨૫ માં વર્ષની ઉજવણી અન્વયે પુ બાપુએ જીવનમાં પ્રસન્ન રહેવાની પાંચ ચાવીઓ આપી હતી . ટાઉનહોલ ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોને હળવી શૈલીમાં પ્રસન્ન રહેવાની કલા શિખવી ખડખડાટ હસાવ્યા પણ હતા. તેમનુ માનવુ છે કે મનની પ્રસન્નતા ટકાઉ નથી. સુખ દુખ મનમાં આવવાની સાથે આ પ્રસન્નતા પણ આવે અને જાય છે તો અતિ બુધ્ધિ અને અહંકાર વ્યકિતને ક્યારેય પ્રસન્ન રહેવા દેતો નથી. જેથી ચિત્ત પ્રધાન થવાથી જ પ્રસન્નચેતા થઈ શકાય છે. પ્રસન્નતાની પ્રથમ ચાવી આપતા બાપુએ ખાસ કહ્યુ હતુ કે વ્યકિતએ ચિત્ત પ્રધાન બનવુ જોઈએ.

બીજી ચાવીરૂપે બાપુએ વર્તમાન સ્થિતિને મુકીને જણાંવ્યુ હતુ કે જે વર્તમાન કાળમાં રહેતો નથી તેને સતયુગ પણ સુખ આપી શકતો નથી તો પ્રસન્નતાની વાત તો દુર રહી.

સ્પર્ધામાં નહીં રહેવાની ક્રીયાને બાપુએ પ્રસન્નતાની તૃતિય પુંજી દર્શાવી હતી તેમણે કહ્યુ હતુ કે સ્પર્ધામાં રહીને હાર અથવા જીત મળે છે જીતવાથી અહંકાર આવી જાય છે જેનાથી પ્રસન્ન રહેવાતુ નથી. જયારે હારવાથી વ્યકિત ડ્રિપ્રેશનમાં આવી જાય છે જેથી હારેલો માણસ ખુશ રહી શકતો નથી. એટલુ જ નહીં સ્પર્ધાથી વિકાસ તો થાય છે પરંતુ વિશ્રામ મળતો નથી. પ્રસન્ન થવુ હોય તો સ્પર્ધામાં ન ઉતરવુ ..સ્પર્ધક ભાવ ઈર્ષા ઉત્પન્ન કરે છે.

સંતોના ઉદાહરણ આપીને બાપુએ પ્રસન્નતાની ચોથી ચાવી સ્વરૂપે સાક્ષીભાવને મુક્યો છે. જેમ સંત વૃક્ષ, નદી, પહાડ, ધરતીનો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ૫૫ ઈલેક્ટ્રીક બસો દોડાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આગામી દિવસોમાં ૫૫ ઈલેક્ટ્રીક બસો ઓન રોડ થશે તેવા સંકેત રાજ્ય વિધાનસભા ગૃહમાં મંત્રી આર.સી. ફળદુએ આપ્યા હતા.

વાહન-વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા મંત્રી આર.સી. ફળદુએ તેમના વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં જણાવ્યુ હતુ કે પ્રદૂષણ નિયંત્રણ માટે આ નિર્ણય કરવામાં આવેલ છે. આ ૫૫ બસો ઉપરાંત વિવિધ જિલ્લામાં પોઈંટ ટુ સર્વિસ તરીકે ૨૫૦ સી.એન.જી. બસો સંચાલનમાં મુકાશે. રાજયમાં વાહનોની સંખ્યામાં થઈ રહેલા વધારાને પગલે નાગરિકોને વાહન-વ્યવહારની સેવાઓ સત્વરે મળી રહે તે માટે ટેકનોલોજીના ઉપયોગ થકી આ સેવાઓ વધુ સરળ બનાવવામાં આવી છે. તેમણે કહ્યુ કે આર.ટી.ઓ. કચેરી દ્વારા હાલ ૮૦ જેટલી સેવાઓ પુરી પાડવામાં આવે છે.

જનભાગીદારી થકી ૭ બસ સ્ટેશનોનું નિર્માણ કરાયુ છે. ૧૪ બસ સ્ટેશનના કામો પ્રગતિ હેઠળ છે. તેમણે કહ્યુ કે ઓછા દરે ઝડપી સેવાઓ પુરી પાડવા ૨૩૫ નવિન મેટ્રોલીંક સર્વિસનું વિસ્તરણ કરી જિલ્લા અને તાલુકાઓને જોડતી ૪૧૨ લીંક સર્વિસનું સંચાલન કરવામાં આવે છે.

## ગ્રામ્ય વિસ્તારમાં ૧.૨૮ લાખ આવાસો આ વર્ષે બાંધવામાં આવશે

ગ્રામ વિકાસ વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં તેમણે કહ્યું હતુ કે ગામડાના નાગરિકોના ઘરના ઘરનું સપનુ સાકાર કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના માટે રૂ. ૧૪૫૮ કરોડની જોગવાઈ કરાઈ છે. આ વર્ષે ૧.૨૮ લાખ આવાસો બાંધવામાં આવશે.

મિશન મંગલમ્ યોજના હેઠળ સ્વસહાય જૂથોને સહાય કરવા માટે પણ અંદાજપત્રમાં રૂ. ૧૩૫ કરોડની જોગવાઈ કરાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બે વર્ષ દરમિયાન વાહન ચોરીના ૪૭૦ બનાવો

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન વાહન ચોરીના ૪૭૦ બનાવો નોંધાયા છે. જયારે આ પૈકી ૧૮૭ કીસ્સામાં વાહનચોરને પકડી પાડવામાં આવ્યો છે. જયારે ૨૬૮ વાહનોનો હજુ કોઈ પતો નથી લાગ્યો વર્ષ ૨૦૧૮ માં ૧૮૭ દ્વિચક્રી વાહનો ૧૩ ત્રિચક્રી વાહનો, ૩૬ ફોર વ્હીલર તેમજ ૫ ભારે વાહનોની ચોરીના કીસ્સા નોંધાયા છે. વર્ષ ૨૦૧૯ માં ૧૯૩ દ્વિચક્રી, ૭ ત્રિચક્રી, ૨૧ ફોર વ્હીલર અને ૮ ભારે માલવાહક વાહનોની ચોરી થઈ છે. જયારે બે વર્ષ દરમિયાન ના વાહન ચોરીના કિસ્સામાં પોલીસ તપાસ દરમિયાન ૧૫૭ ગુન્હાઓનો ભેદ ઉકેલાયો છે. જયારે આ પૈકી ૨૦૨ વાહન માલિકોને પરત કરાયા છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

**ઇન્ફોસીટી-સરગાસણ ખાતે આઇ ડી એસ સેઝ પાર્કને ડી નોટીફાઇડ કરવાની પ્રક્રીયા**

સરગાસણ ખાતે આઈ ડી ઈ એસ સેઝ પાર્ક સ્થાપવા માટે મંજુરી આપવામાં આવી હોવાના પ્રશ્ન અંગે રજુ કરાયેલા જવાબમાં જણાંવ્યા મુજબ ભારત સરકારના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજય વિભાગ દ્વારા તા ૨ જુલાઈ વર્ષ ૨૦૦૮ ના નોટીફિકેશનથી શિવગંગા રીયલ એસ્ટેટ હોલ્ડર્સ પ્રા લી ને સરગાસણ ખાતે સેઝને નોટીફાઈડ કરવામાં આવ્યો હતો. જયારે આ સેઝ પાર્ક ૩૭.૫૬ હેકટર વિસ્તારમાં નિર્માણ પામનાર હતો. જયારે હાલ ભારત સરકારના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજય વિભાગ દ્વારા સેઝને ડી નોટીફાય કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે વિભાગ દ્વારા ૧૩ મેં વર્ષ ૨૦૦૯ ના નોટીફિકેશનથી ઈન્ફોસીટી પાસે સેઝને નોટીફાઈડ કરવામાં આવ્યો હતો. ૨૨-૨૫-૮૫ હેકટરમાં નિર્માણ પામનાર સેઝ પાર્ક અન્વયે ડી નોટીફાય કરવાની પ્રક્રીયા ચાલુ છે.

**કોબામાં ૨૭.૮૪ હેક્ટર વિસ્તારમાં સેઝ પાર્ક કાર્યરત**

ગાંધીનગરમાં કોબા ખાતે રાહેજા ગૃપને આઈ ટી ઈ એસ સેઝ પાર્ક સ્થાપવા માટે ક્યાર મંજુરી આપવામાં આવી જયારે આ સેઝ પાર્ક કેટલા વિસ્તારમાં નિર્માણ પામનાર છે તેવા પ્રશ્નના જવાબમાં જણાંવાયા મુજબ ૨૩ જુલાઈ વર્ષ ૨૦૦૮ના નોટીફિકેશનથી રાહેજા ગૃપને કોબા ખાતે સેઝ પાર્ક સ્થાપવા માટે મંજુરી આપવામાં આવી હતી. જયારે આ સેઝ પાર્ક ૨૭.૮૪ હેકટરમાં નિર્માણ પામ્યો છે.

**શહેરમાં ૬૫ હજારથી વધુ ઘરોમાં પાઇપલાઇન મારફતે રાંધણગેસનુ જોડાણ**

ગાંધીનગર જિલ્લામાં પાઈપલાઈન મારફતે રાંધણ ગેસ પહોંચાડવાની કામગીરી કયા તબક્કામાં છે. જયારે આ અન્વયે કેટલા તાલુકાઓને આવરી લેવામાં આવ્યા છે દક્ષિણના ધારાસભ્યના તેવા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ ગુજરાત ગેસ લીમીટેડ દ્વારા પી એન જી આર બી નવી દિલ્હીએ અધિકૃત કરેલા વિસ્તારમાં ૬૫ હજારથી વધુ ઘરોમાં પાઈપલાઈન મારફતે ગેસનુ જોડાણ આપવામાં આવ્યુ છે. જયારે હાલ પાઈપલાઈન મારફતે ગેસ પહોંચાડવાની યોજના અન્વયે ગાંધીનગર શહેરને આવરી લેવામાં આવ્યુ છે.

**ખનીજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ૧૪ કરોડની જોગવાઇ**

રાજયમાં ખનીજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલા માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ ના નાણાંકીય વર્ષમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી તેવા પ્રશ્નના જવાબમાં જણાંવાયા મુજબ આ કામગીરી માટે રૂ ૧૪૦૨ લાખની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવી છે. જયારે ગત ૩૧ માર્ચની સ્થિતિએ રૂ ૨૪૯.૯૩ લાખની ગ્રાન્ટ ફાળવી દેવામાં આવી છે.

**સફાઇ કામદારના મોત બદલ 33 કીસ્સામાં વળતર ચુકવાયુ**

ગટર સફાઈ માટે ઉતારવામાં આવતા સફાઈ કામદારોના થઈ રહેલા મોતના વળતર બદલ રૂ ૧૦ લાખનુ વળતર ચુકવવા સુપ્રિમ કોર્ટે આદેશ આપ્યો છે. તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ જેના જવાબમાં જણાવાયા મુજબ ગાંધીનગર અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધી ૩૩ કીસ્સામાં વળતર ચુકવવામાં આવ્યુ છે. જયારે ૨૫ કીસ્સામાં કાયદેસરના વારસદારોની ઓળખ બાકી હોવાથી વળતર ચુકવવાનુ બાકી છે.

**પોલીસ વિભાગના ૧૨ બિનરહેણાંક મકાનો માટે ૪૧.૫૧ કરોડ ખર્ચાશે**

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન રહેણાંકના મકાનોનુ બાંધકામ હાથ ધરવામાં આવ્યુ દહેગામના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં જણાવાયા મુજબ બે વર્ષ દરમિયાન જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ ૧૨ બિન રહેણાંક મકાનોનુ બાંધકામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આ બિન રહેણાંક મકાનોના નિર્માણ પાછળ કુલ રૂ રૂ ૪૧.૫૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલની સ્થિતિ એ કામગીરી પાછળ રૂ ૧૦૯૬.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

# આજથી વોૅર્ડ-૩ની પેટા ચૂંટણીના પ્રચાર પડધમ શાંત

**મુખ્ય સ્પર્ધક ભાજપ-કોંગ્રેસ દ્વારા વોર્ડમાં શક્તિ પ્રદર્શન યોજાશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૩ની યોજાનારી પ્રથમ પેટા ચૂંટણીના પ્રચાર પડધમ શુક્રવાર સાંજથી શાંત થઈ જશે.

મનપાની આ પ્રથમ પેટા ચૂંટણી હોવાથી પાટનગરમાં રાજકીય ઉત્તેજનાઓ વધુ છે. બીજી તરફ ભાજપને એક સભ્યની પાતળી સરસાઈ છે પણ આ બેઠક જો કોંગ્રેસ જીતે તો બન્ને પક્ષની સરખી બેઠકો થશે તેથી આગામી દિવસોમાં પાટનગરમાં રાજકીય જંગ ખરાખરીનો બનશે તેમ મનાઈ રહ્યુ છે.

ભાજપ-કોંગ્રેસ ઉપરાંત એન.સી.પી. તેમજ અપક્ષ ઉમેદવારે પણ આ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યુ હોવાથી જંગ રસપ્રદ બનશે તેમ મનાઈ રહ્યુ છે.

આ પેટા ચૂંટણીમાં તમામ ઉમેદવારોએ મતદારોનો સંપર્ક કરવા માટે ડોર ટુ ડોર પ્રચારનો અભિગમ જ મહત્વનો માન્યો છે. આ ઉપરાંત ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો દ્વારા મિત્ર-મંડળની રાજનીતિને ખુબજ ઠાવકાઈથી રમી હોવાથી આ જંગ રોચક બન્યો છે.

૧૮ હજારથી વધુ મતદારો ધરાવતા આ વોર્ડમાં સે. ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૩૦નો સમાવેશ થાય છે. વોર્ડનો વિસ્તાર મોટો હોવાથી ઉમેદવારોના પગે પાણી ઉતરી ગયા છે.

બન્ને મુખ્ય પક્ષો દ્વારા શુક્રવારે પ્રચાર અભિયાનનો અંતિમ દિવસ હોવાથી શક્તિ પ્રદર્શનનું પણ આયોજન કરાયુ છે. આ જંગમાં એન.સી.પી.એ પ્રથમવાર ઝુકાવ્યુ છે તો અપક્ષ પણ કોના મત તોડશે તેનુ ગણિત રાજકીય પંડિતો માંડી રહ્યા છે.

મુખ્ય સ્પર્ધા ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ રહેશે તેમ મનાઈ રહ્યુ છે. આ બન્ને પક્ષો દ્વારા પ્રચાર અભિયાનમાં એડીચોટીનું જોર લગાવવામાં આવ્યુ છે. રવિવારે આ ચૂંટણીનું મતદાન થવાનુ છે.





**"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર**

**૨૦૧૯-૨૦નો પ્રથમ કાર્યક્રમ**

**હિન્દી ચલચિત્રોના કિશોરકુમારે ગાયેલા લોકપ્રિય-લોકહૈયે સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ**

**Golden Era of Kishorkumar**

તારીખ : ૨૦ ૭ ૨૦૧૯ શનિવાર

રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૧૬૦૦/- (વાર્ષિક)

વ્યક્તિગત રૂા.૧૦૦૦/- (વાર્ષિક)




**સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :**

(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેકટર-૨
ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય :
શ્રી પરાગ શુક્લ(મો) ૮૮૪૯૩૦૨૬૬૮
શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪
શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય :
શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬
શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ :
શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬
શ્રીમતી પ્રીતિ મહેતા (મો) ૮૩૨૦૪ ૧૮૪૫૨
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ :
શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪ ૩૧૯૦૦
(૮) સેકટર-૨૦
સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેકટર-૭
શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦)સેકટર-૮
પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુક્લ, મંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯

રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે સુંદર પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.
(૨) વર્ષમાં ૭ ઉત્તમ આયોજનો- પાંચ ફિલ્મ સંગીત પર આધારિત, એક હાસ્ય રસનો કાર્યક્રમ તથા એક ભોજન-મિલન સમારંભ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com